# અમદાવાદમાં ડેન્ગ્યુનો આતંક : આઠ દિવસમાં ૩૭ કેસ

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેરમાં ડેન્ગ્યુએ હવે જોરદાર આતંક મચાવ્યો છે. ઓગસ્ટ મહિનામાં આઠ જ દિવસમાં ૩૭ કેસો સપાટી પર આવતા ખળભળાટ મચી ગયો છે. ડેન્ગ્યુને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવાયા છતાં સ્થિતિ વધુ બેકાબુ બનેલી છે. સંખ્યા સતત વધી રહી છે. બિનસત્તાવાર રીતે આંકડો વધારે હોવાના અહેવાલ પણ મળ્યા છે. ૧ ઓગસ્ટથી ૮ ઓગસ્ટ સુધી ડેન્ગ્યુના ૩૭ કેસો સપાટી પર આવ્યા છે. મ્યુનિ.આરોગ્ય વિભાગના ચોપડે સાત દિવસના આટલા કેસ નોંધાયા છે. બાકી ખાનગીમાં ડેન્ગ્યુના કેસોમાં પુષ્કળ વધારો થયો છે. શહેરના તમામ ૬૪ વોર્ડમાં ડેન્ગ્યુના કેસ નોંધાયા છે. ખાનગી હોસ્પિટલ ડેન્ગ્યુના દર્દીથી ઊભરાઈ રહી છે. સાથે સાથે મચ્છરજન્ય કેસોમાં સાદા મેલેરિયાના ૨૪૭ કેસો સપાટી પર આવ્યા છે. વર્ષ ૨૦૧૫માં જાન્યુઆરીથી ૮ ઓગસ્ટ સુધી ૩૨૭ ડેન્ગ્યુના કેસો નોંધાયા છે.

જો કે ડેન્ગ્યુના કેસ વધવામાં ઈજનેર વિભાગ પણ જવાબદાર છે. વરસાદી વિભાગ પણ જવાબદાર છે. વરસાદી પાણી ઉલેચવા તાત્કાલિક ડી વોટરિંગ કરાયું નથી. એક જ અઠવાડિયામાં ડેન્ગ્યુના સત્તાવાર કેસ બેઆંકડે પહોંચ્યા છે. આની સાતે સાથે શહેરમાં પાણીજન્ય કેસો પણ એટલા જ પ્રમાણમાં વધ્યા છે. ૮ ઓગસ્ટ સુધીમાં ઝાડા - ઉલ્ટીના ૨૧૮, કમળાના ૮૯, ટાઈફોઈડના ૬૧ કેસો સપાટી પર આવ્યા છે. અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા રોગચાળાને નિયંત્રણ માટે એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. પરંતુ તે એક્શન પ્લાનમાં પણ જોઈએ તેવી કામગીરી કોર્પોરેશન તંત્ર દ્વારા કરવામાં આવી નથી. મ્યુનિ.તંત્ર દ્વારા હાલમાં રોગચાળાને નિયંત્રણ કરવા માટે જુદા જુદા ખાદ્ય પદાર્થોના નમૂના લેવામાં આવી રહ્યા છે. તેમાં ૮ ઓગસ્ટ સુધી ૪૧૧૯ કિ.ગ્રા. જેટલો બિન આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવ્યો છે. તેમજ ૭,૭૦,૬૦૦ જેટલો વહીવટી ચાર્જ વસુલાત કરવામાં આવ્યો છે. મચ્છરજન્ય રોગચાળો ન પ્રસરે તેના માટે ૧૯૩૭૨૨ કિ.ગ્રા જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે. ૮ ઓગસ્ટ ૨૦૧૫ સુધીમાં ૫૭ અલગ અલગ ખાદ્ય પદાર્થોના નમૂના લેવામાં આવ્યા છે. તેમજ જુલાઈ માસમાં ૨૬૯ અલગ અલગ ખાદ્ય પદાર્થોના નમૂના લેવામાં આવ્યા હતા. જેમાંથી ૧૫ નમૂના અપ્રમાણિત જાહેર થયા છે અને ૩૧ નમૂના તપાસવાના બાકી છે.



ગુજરાત વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજ દ્વારા ૧૧મો સરસ્વતી સન્માન સમારંભ અને સ્નેહમિલન કાર્યક્રમ રવિવારે સાંજે બ્રહ્માણી હોલ, કડી ફાર્મસી કોલેજ સે. ૨૩ ખાતે યોજાઈ ગયો. જેમાં ગત વર્ષે જુનીયર કેજીથી એમ.બી.બી.એસ. અભ્યાસ ક્રમમાં સારા ગુણ પ્રાપ્ત કરનાર ૪૨ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લગ્નજીવનનાં ૫૦ વર્ષ પુર્ણ કરનાર અને ૭૫ વર્ષથી વધુ વયના આર.જી. શુકલ અને પોપટલાલ ચૌહાણનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. નાના ભુલકાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા હાજર સૌને મનોરંજન પુરૂ પાડ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સંગઠનના સ્વર્ગસ્થ મહાનુભાવોને તેમજ પૂર્વ રાષ્ટ્રપતિશ્રી એ.પી.જી. કલામસાહેબને શોકાંજલી આપવામાં આવી હતી. પ્રમુખશ્રી નૌતમલાલ નિમાવત, ઉપપ્રમુખ મંગળદાસ પટેલ, વી.કે. દલાલ, મંત્રી કે.યુ, કાગદી, ખજાનચી બી.ડી. સેઈલર ઉપસ્થિત રહ્યા હતા. માનદમંત્રી બી.ડી. શાહે સમગ્ર કાર્યક્રમનો કાર્યભાર કારોબારી સભ્યો સાથે સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો. ત્યારે સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન ઈન્દુબેન નિમાવતે કર્યું હતું. **(તસવીર : કશ્યપ નીમાવત)**



પાલનપુરમાં ભારતીય કિસાન સંઘે વરસાદી પૂર અને વાવાઝોડાથી ખેડૂતોને થયેલા ભારે નુકશાન અંગે યોગ્ય વળતર આપવા પાલનપુર મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. **(તસવીર : હરેશ જોષી, પાલનપુર)**

## ભિલોડામાં અનામત માટે પાટીદારોની બેઠક મળી ૧૨મીએ મામલતદારને આવેદનપત્ર અપાશે

ભિલોડા,તા.૧૦

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં પાટીદાર અનામત બાબતે બેઠક મળી હતી.પાટીદાર સમાજ ધ્વારા તા.૧૨/૮/૨૦૧૫ ને બુધવારના રોજ ભિલોડા મામલતદાર કચેરીમાં આવેદનપત્ર પાટીદાર સમાજના અગ્રણીઓ ધ્વારા આપવામાં આવશે તેમ જાણવા મળેલ છે. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં પાટીદાર સમાજ ધ્વારા અનામત બાબતે વિવિધ ગામના પાટીદારો અને સમાજના અગ્રણીઓની એક બેઠક મળેલ હતી. અરવલ્લી જીલ્લા કન્વીનર દિલીપભાઈ ડી.પટેલ અને પાટીદાર સેના,ભિલોડાના અગ્રણીઓના અધ્યક્ષસ્થાને પાટીદાર અનામત સંદર્ભે બેઠક મળી હતી. આ પ્રસંગે જગદીશભાઈ પટેલ,કમલેશભાઈ પટેલ,કનુભાઈ પટેલ,મનુભાઈ પટેલ ધ્વારા પાટીદાર અનામત બાબતે ચર્ચા-વિચારણા કરી સૌને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ભિલોડા તાલુકાના પાટીદાર સમાજના અગ્રણીઓ ધ્વારા મામલતદાર કચેરીમાં આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ યોજાશે. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના પાટીદાર સમાજના વિવિધ ગામના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે તેમ જાણવા મળેલ છે. પાટીદાર સેના ધ્વારા અરવલ્લી જીલ્લાના મોડાસામાં તા.૧૯/૮/૨૦૧૫ને બુધવારના રોજ રેલી કાઢવામાં આવશે અને ભિલોડા તાલુકાના પાટીદારો મોટી સંખ્યામાં આવશે તેવી રીતે આયોજન કરવામાં આવેલ છે.

## ઈલોલમાં ઝઘડાની અદાવત રાખી ત્રણ કિશોરોને માર મારતા ફરિયાદ

હિંમતનગર, તા. ૧૦

હિંમતનગર તાલુકાના ઈલોલ ગામે હાઈસ્કૂલના કંપાઉન્ડમાં ભણતા ક્ષત્રિય સમાજના ચાર વિદ્યાર્થીઓ દ્વારા દલિત સમાજના ત્રણ યુવાનોને અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી ગડદાપાટુનો માર માર્યા હતો. જે અંગેની ફરિયાદ રવિવારે રાત્રે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે ગત શુક્રવારે ઈલોલ હાઈસ્કૂલમાં ભણતા દલપતભાઈ રામજીભાઈ ચમારનો પુત્ર તથા અન્ય બે વિદ્યાર્થીઓ સાથે કિસનસિંહ ઝાલા, સૂર્યદેવસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ ઝાલા અને યુવરાજસિંહ સોલંકી ભેગા મળી દલિત સમાજના ત્રણ કિશોરોને અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી જાતિ વિરૂદ્ધ શબ્દો બોલી અપમાનિત કર્યા હતા. જે અંગે દલપતભાઈ ચમારે રવિવારે રાત્રે એટ્રોસીટી એક્ટ અંતર્ગત ચાર જણા વિરૂદ્ધ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ભગવાનના દરબારમાં આવનાર સૌ કોઈ ખાલી હાથે ભલે આવે પણ ખાલી હાથે પાછા ન જાય તે જરૂરી છે : સંજય મુનિજી

હિંમતનગર, તા. ૧૦

ભગવાન તમને માનવરૂપી જન્મ આપ્યો છે ત્યારે આ જીવન બે ઘડીનુંછે, જેથી પ્રભુનુંસ્મરણ કરી લેશો તો બેડો પાર થઈ જશે. પંચતત્વોનું બનેલું શરીર નાશ્વત છે. પરંતુ આત્મા અમર છે. જેથી આત્માનું પરમાત્મા સાથે મિલન કરવા માટે જીવનમાં સત્સંગ જરૂરી છે.

હિંમતનગરમાં ચાર્તુમાસ નિમિત્તે પધારેલા સંજય મુનિ મહારાજે શનિવારે રાત્રે યોજાયેલા સત્સંગ કાર્યક્રમમાં બોલતા વધુમાં જણાવ્યું હતું કે હું આત્માના ઉધ્ધાર માટે આવ્યો છું. તેથી લોક કલ્યાણ માટે સમય ઓછો પડે છે. વિતરાગ ભગવાનના દરબારમાં આવનાર સૌ કોઈ ખાલી હાથે ભલે આવે પણ ખાલી હાથે પાછા ન જાય તે જરૂરી છે. તેઓ જીવન જીવવા માટે સત્સંગના માધ્યમથી બોધપાઠ લઈને જશે તો તેમનું જીવન ધન્ય થશે.

મનુષ્યએ હંમેશા ભ્રૂણ હત્યા કરવાથી દૂર રહેવુ જોઈએ તથા એક શામ પ્રભુ કે નામ કરીને નશાથી દૂર રહેવુ જોઈએ તેમજ જીવનમાંથી ઈર્ષ્યાને તિલાંજલી આપી બીજાનું ભલુ થાય તેમાં આપણું પણ ભલુ છે તેમ સમજી અન્યને ઉપયોગી થવામાં આવે તો જીવન ધન્ય થઈ જશે.

હિંમતનગરમાં ચાર્તુમાસ નિમિત્તે પધારેલા સંજય મુનિજીની નિશ્રામાં ૫૫ દિવસ સુધી સત્સંગના ભાગરૂપે યુવા શિબિર, નશામુક્તિ શિબિર, ભ્રૂણહત્યા અંગે જાગૃતિ આવે તે માટે વિવિધ કાર્યક્રમો યોજાશે.

## આજે ભાજપ મહિલા મોરચાની બેઠક થશે

અમદાવાદ, તા.૧૦

ભાજપ મહિલા મોરચાની આવતીકાલે અતિમહત્વની બેઠક યોજાનાર છે. પ્રદેશ અધ્યક્ષ, પ્રદેશ સંગઠન મહામંત્રી અને અન્યો આ બેઠકમાં ઉપસ્થિત રહેશે. યાદીમાં જણાવાયું છે કે, મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષા ડૉ. જયોતિબેન પંડયાની અધ્યક્ષતામાં ગુજરાત ભાજપા મહિલા મોરચાની પ્રદેશ બેઠક પ્રદેશ અધ્યક્ષ આર સી ફળદુ, રાષ્ટ્રીય મહિલા મોરચાના અધ્યક્ષા વિજયા રાહટકર, પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા અને મહિલા મોરચાના પ્રદેશ પ્રભારી ભરતસિંહ પરમારની ઉપસ્થિતિમાં યોજાશે. પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે બપોરે ૦૧.૦૦ કલાકથી યોજાનારી આ મહિલા મોરચાની પ્રદેશ બેઠકમાં મહિલા મોરચાના પ્રદેશ પદાધિકારીઓ, મોરચાના પ્રદેશ કારોબારી સભ્ય, મહિલા મોરચાના જીલ્લા મહાનગરના પ્રમુખ-મહામંત્રીઓ, ધારાસભ્ય, બોર્ડ-નિગમ મહિલા ચેરમેન-વાઈસ ચેરમેન અને રક્ષાબંધન કાર્યક્રમના જીલ્લા મહાનગરના ઈન્ચાર્જ-સહ ઈન્ચાર્જ ઉપસ્થિત રહેશે.

## વકીલોની હડતાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલાકી વેઠવી પડે છે. તેમણે જણાંવ્યુ હતુ કે કોર્ટ સંકુલમાં ટાઈલેટ બ્લોક પાસે અસહ્ય ગંદકી ખદબદી રહી છે. ગટરો ઉભરાતા વકીલોએ બેસવાનુ મુશ્કેલ બન્યુ છે. કોર્ટમાં સફાઈ વ્યવસ્થાના નામે મીંડુ છે. જેના પરિણામે ઠેર ઠેર ગંદકી જોવા મળી રહી છે. કોર્ટની કેન્ટીન પણ છેલ્લા બે મહિનાથી બંધ હાલતમાં છે. ત્રણ મજલાના કોર્ટ બિલ્ડીંગમાં વધુ માળ બાંધવાની મંજુરી અપાયા બાદ પણ કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી. જેના પરિણામે લીફટની સુવિધા પણ લાંબા સમયના અંતે ઉપલબ્ધ થઈ નથી. વકીલોને ટેબલ અને લોકર પણ લાવવા દેવામાં આવતા નથી. જયારે બેઠક વ્યવસ્થા માટે નવા શેડ બનાવવાની પણ મંજુરી આપવામાં આવતી નથી. સિવિલ વકીલો માટેનુ બોર્ડ બપોરે ત્રણ વાગ્યા બાદ શરૂ થાય છે. જેના પરિણામે તેમણે અરજી આપવા પણ બેસી રહેવુ પડે છે. આ સઘળી સમસ્યાને અનુલક્ષી વકીલોએ અગાઉ ડીસ્ટ્રીકટ જજ સમક્ષ રજુઆત કરી હોવાછતા કોઈ પગલા લેવાતા ન હોવાનો આક્રોશ પણ તેમણે વ્યકત કર્યો હતો. જયારે આ પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે આજે વકીલો કોર્ટ કાર્યવાહીથી દુર રહી હડતાલમાં જોડાયા હતા. વકીલો દ્વારા આ દરમિયાન કોઈ પક્ષકારોને પણ કોર્ટ બિલ્ડિંગમાં પ્રવેશવા દેવામાં આવ્યા ન હતા. કોર્ટ કાર્યવાહીથી દુર રહી સજ્જડ બંધ પાળવામાં આવ્યો હતો. વકીલોના જણાંવ્યા મુજબ પ્રશ્નોનુ નિરાકરણ નહીં આવે ત્યાં સુધી લડત યથાવત રહેશે.

## દવા ગટગટાવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સિવિલ હાસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં પોલીસ સમક્ષ ડી ડી આપતા તેણે પોતાની પત્નિ ખોટા આક્ષેપો કરી રહી હોવાનુ જણાંવી તેના ત્રાસથી આ પગલુ ભર્યુ હોવાનુ જણાંવ્યુ હતુ. સે- ૭ પોલીસે બનાવ સંદર્ભે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવથી વકીલ આલમમાં પણ ખળભળાટ મચી જવા પામ્યો હતો. દિવસ દરમિયાન આ ઘટના વકીલોની હડતાલ વચ્ચે પણ ચર્ચા સ્થાને રહી હતી.

## આડેધડ પાર્કિંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહેતી હોવાથી પાર્કીંગ પ્લેસમાં વાહનોની સંખ્યા પણ વિશેષ જોવા મળે છે. પરંતુ દ્રી ચક્રી વાહનો તેમજ ફોર વ્હિલર માટે અલગથી પાર્કીંગ ન થતા ભારે અવ્યવસ્થા સર્જાય છે. રોજબરોજ આડેધડ વાહનો ખડકાતા મુલાકાતીઓએ પોતાનુ વાહન બહાર નિકાળવા માટે પણ ગોથે ચઢવાનો વારો આવે છે. ડિસ્ટ્રીકટ કોર્ટ હોવાના લીધે રોજબરોજ વકીલોની સાથે અન્ય મુલાકાતીઓની અવર જવર કોર્ટ સંકુલમાં વધુ રહે છે. જયારે આસપાસના વિસ્તારમાં દબાણો અસ્તિત્વમાં આવી જતા વાહનોના પાર્કીંગ માટે પણ ખાસ જગ્યા રહેતી નથી. પાર્કીંગમાં સલામતી પહેરો ન હોવાના લીધે વાહન ચોરીના બનાવો પણ વધી ગયા છે. જયારે કોર્ટ સંકુલ બહાર ટ્રાફિક વ્યવસ્થા પણૅ ખોરવાઈ જાય છે. સાંકડા રસ્તા પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. આવા સંજોગોમાં કોર્ટ સંકુલ બહાર યોગ્ય અને સલામત પાર્કીંગ વ્યવસ્થા ગોઠવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## રાષ્ટ્રીય પરિસંવાદ...

● ત્રીજા પાનાનું ચાલુ

શૈક્ષણિક પરિપ્રેક્ષ્ય પર વાસુદેવ પ્રજાપતિ જેઓ નિવૃત્ત પ્રધાનાચાર્ય, સરસ્વતી વિદ્યામંદિર, જોધપુર તથા પુનરૂત્થાન વિદ્યાપીઠ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના સંયોજક છે તેઓએ વક્તવ્ય આપ્યું હતું. તૃતીય સત્રમાં એકાત્મ માનવદર્શન વિષય પર બજરંગલાલજી ગુપ્તા જેઓ અર્થશાસ્ત્ર વિષયના નિવૃત્ત રીડર અને પંચનદ શોધ સંસ્થાનના ટ્રસ્ટી છે તેઓએ અત્યંત રસાળ શૈલીમાં આર્થિક પરિપ્રેક્ષ્ય રજુ કર્યુ હતું. વિવિધ પ્રશ્નો અને ચર્ચાના માધ્યમથી સહભાગીઓએ પ્રત્યેક સત્રને જીવંત બનાવ્યું હતું. વિદ્વાનોએ પંડિત દીનદયાલ ઉપાધ્યાયના ચિંતનમાં વણાયેલાં સામાજિક, રાજકીય શૈક્ષણિક અને આર્થિક આયામોના આંતરગૂંફનને સ્પષ્ટ કરવા પ્રયાસ કર્યો હતો.

રાષ્ટ્રીય પરિસંવાદના સમાપન સત્રમાં અધ્યક્ષ તરીકે ગુજરાત રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ એકાત્મ માનવદર્શનને મૂર્તિમંત કરવાની બાબત પર ભાર મુક્યો હતો. પરિસંવાદમાં ગુજરાત રાજ્ય ઉપરાંત વિવિધ રાજ્યોમાંથી ૪૦૦થી વધુ જિજ્ઞાસુઓ અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ દિવ્યાંશુભાઈ દવે, કુલસચિવ અમિતભાઈ જાની, માર્ગદર્શક જ્યોતિબહેન થાનકી, અધિકારી ડૉ. મહેલુભાઈ વ્યાસ અને ભારતીય વિચારમંચના હોદ્દેદારો-કાર્યકર્તાઓની પ્રેરક ઉપસ્થિત રહી હતી. સંયોજક તરીકે ડૉ. અશોક પ્રજાપતિ અને ઉદ્‌ઘોષક તરીકે ડૉ. ઋતા પરમાર, ડૉ. મીનલબા જાડેજાએ ભૂમિકા નીભાવી હતી. પરિસંવાદને સફળ બનાવવા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમગ્ર કર્મચારીગણ અને ભારતીય વિચાર મંચના કાર્યકર્તાઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ

## ભારતની પ્રથમ પ્રિમિયમ ક્રોસ ઓવર, એસ-ક્રોસ લોન્ચ કરી

ભારતની અગ્રણી કાર નિર્માતા મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ આજે દેશની સૌપ્રથમ પ્રિમિયમ ક્રોસ-ઓવર એસ-ક્રોસની રજુઆત કરી હતી. કંપનીની નવી રજુઆત એસ-ક્રોસ આકર્ષક દેખાવ, પ્રિમિયમ ઈન્ટરિયર અને બેજોડ લાક્ષણિકતાઓથી સજ્જ છે, જે બે ડિઝલ એન્જિન વિકલ્પો ડીડીઆઈએસ ૨૦૦ અને ડીડીઆઈએસ ૩૨૦માં ઉપલબ્ધ બનશે. તેના જોરદાર પાવર અને ટોર્કના સુમેળ, શ્રેષ્ઠ ડ્રાઈવિંગ અને હેન્ડલિંગથી ગ્રાહકને અસાધારણ અનુભવ મળશે. નવી સેડાન એસ-ક્રોસ પાવર અને પર્ફોર્મન્સ, કમ્ફર્ટ અને ઝીણવટભરી રીતે તૈયાર કરવામાં આવી છે, જેણે ભારતમાં પ્રિમિયમ ક્રોસ-ઓવરની નવી શ્રેણી તૈયાર કરી છે.

એસ-ક્રોસ પ્રથમ મોડલ બનશે કે જેનું વેચાણ ખાસ નેક્સા દ્વારા કરવામાં આવશે, જે તાજેતરમાં રજુ કરાયેલ નવીન ઓટોમેટિવ અનુભવ છે. સ્પષ્ટપણે એસ-ક્રોસ અન્ય કરતાં વિશેષ છે. ભારતની પ્રથમ પ્રિમિયમ એસ-ક્રોસ ગ્રાહકને સોંપતા મારુતિ મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી કેનિચિ અયુકાવાએ જણાવ્યું હતું કે, ‘ભારતમાં ગ્રાહકોનો એવો વર્ગ છે કે જેઓ તેમના વાહનમાં પાવર અને પર્ફોર્મન્સની સાથે-સાથે સેડાનની કમ્ફર્ટ અને રિફાઈનમેન્ટ પણ ઈચ્છે છે. ગ્રાહકોની અપેક્ષા પૂર્ણ કરવાના ઉદ્દેશ્ય સાથે આજે અમે એસ-ક્રોસ લોન્ચ કરી છે. નવા પ્લેટફોર્મ ઉપર તૈયાર કરાયેલ તેનો બોલ્ડ ક્રોસ-ઓવર આકાર, ડાયનામિક ડેરેક્ટર લાઈન્સ અને સોફિસ્ટિકેટેડ ટચથી એસ-ક્રોસ આકર્ષક દેખાવ ધરાવે છે.

## નવા પરિમાણો સર્જશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

શેરીઓમાં પ્રવેશે ત્યારબાદ તેનું નિયંત્રણ કોઈના હાથમાં રહેતુ નથી અને કાળક્રમે અવ્યવસ્થા અને અરાજકતા આંદોલનનું એક સ્વરૂપ બનશે. એટલે જ આજનો સમય એવું કહે છે કે ગુજરાતના વિકાસને પાટા પરથી ઉતારવો ન હોય તો પડદા પાછળના નેતાઓએ સ્પષ્ટ વિચારો સાથે ખુલ્લેઆમ મંચ પર આવવુ જોઈએ અને આંદોલન પરત્વે વિશ્વાસ ઉભો કરવો જોઈએ. જનજીવનમાં અરાજકતા પ્રસરવા દેવી ન હોય તો હેતુ, માર્ગ અને આંદોલનની અભિવ્યક્તિ સરળ ભાષામાં સ્પષ્ટ કરવી જોઈએ. ઉછીના વિચારોથી ચાલતુ આંદોલન પરિણામ વિહોણુ હોય છે એટલુ જ નહી સમાજ અને રાષ્ટ્ર માટે નુકશાનકારક બને છે. પાટીદાર અનામત આંદોલન આવનારા દિવસોમાં નવા પરિણામો સર્જશે એમાં બેમત નથી. શક્તિનો મહાસાગર છે, વિષયવસ્તુ સૌમાં ઝીલાયો છે. પાટીદારોના મનને જાગૃત કરવામાં બીજી હરોળનું નેતૃત્વ સફળ નિવડ્યું છે. હવે સમય ગુમાવ્યા સિવાય પ્રથમ હરોળ સામે આવે તેવુ સમાજ ઈચ્છે છે.

## નેતૃત્વ સન્માનાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવનાર છે. આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી પ્રો. વસુબેન ત્રિવેદી અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા ૧૩૨ મહિલાઓને તેમના વિશિષ્ટ કામગીરીને ધ્યાને લઈને સન્માનિત કરવામાં આવનાર છે. જેમાં લાઈફટાઈમ એચીવમેન્ટ, રમતગમત, પર્યાવરણ જાગૃતિ, યુવા પ્રતિભા, સામાજિક સેવા, કલા, પત્રકારત્વ, લેખક, શોર્ય, સંરક્ષણ, ઉચ્ચશિક્ષણ, વૈજ્ઞાનિક સંશોધન, સરકારી અધિકારી, દૂધ ઉત્પાદન ક્ષેત્રે, બ્યુટી પાર્લર, વ્યાપાર, પેઈન્ટીંગ, ફુડ, સહકારી મંડળીઓ, સ્કાઉટ ગાઈડ, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા, કર્મયોગી ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર મહિલાઓનું સન્માન કરવામાં આવનાર છે.

૪૧ મહિલાઓને તેમના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી માટે આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. તેમજ ગાંધીનગર જિલ્લામાં ૧૦૦ ગ્રામ પંચાયતમાં સરપંચ પદે પદભાર સંભાળનાર મહિલાઓનું અને ૭૮ કર્મયોગીઓને તેઓની ફરજમાં શ્રેષ્ઠ કામગીરી માટે સન્માનિત કરવામાં આવનાર છે. તે ઉપરાંત ૧૩ મહિલાઓને લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.

આ કાર્યક્રમનું સુચારું આયોજન જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હિનાબેન પટેલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી કૌશિક ભીમજીયાણીના માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયતની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે. આ સમારોહની તડામાર તૈયારીઓ તંત્ર દ્વારા ચાલી રહી છે.

## ઊંઝામાં પાટીદારો...

● પાંચમા પાનાનું ચાલુ

તાલુકાના ગામોમાંથી મોટી સંખ્યામાં પાટીદાર સમાજના ભાઈ બહેનો યુવાનો ઉમટ્યા હતા. જ્યાંથી વિશાળ રેલી નીકળી હતી. રેલીમાં જોડાયેલ હજ્જારો માણસોએ અનામતની જોરદાર માંગણી સાથે ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા. આ રેલી ગાંધીચોકથી નીકળી તાલુકા પંચાયત કચેરીએ પહોંચી હતી. જ્યાં ઈન્ચા. મામલતદાર આવેદનપત્ર સ્વીકારવા હાજર હોઈ રેલીમાં જોડાયેલ એસ.પી.જી. ગ્રૃપ અને સ્થાનિક કેવલેશ્વર યુવક મંડળના હોદ્દેદારોએ મામલતદારને એક આવેદનપત્ર સુપરત કર્યુ હતુ. બાદ આ રેલી વિસનગર રોડ પર આવેલ ઉમિયા માતાજીના પાર્ટીપ્લોટમાં જઈને સભાના રૂપમાં ફેરવાઈ હતી.

દરમિયાન સરદાર પટેલ સેવાદળ ઊંઝા અને કેવલેશ્વર યુવક મંડળના હોદ્દેદારોએ રાજ્યના મુખ્યમંત્રીને ઉદ્દેશીને લખેલ આવેદનપત્ર ઈન્ચા. મામલતદારને આપ્યું હતું. જેમાં જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં ગુજરાતના પાટીદારોની આર્થિક, શૈક્ષણિક અને સામાજીક સ્થિતિ દિન પ્રતિદિન કથળી રહી છે. જેના કારણે સામાજીક રચના તુટી રહી છે અને કંઈક અંશે તો ખુબ જ વિકટ અને વિષમ પરિસ્થિતિ થઈ છે. ઈ.સ. ૧૯૪૭થી હજી સુધી પાટીદાર સમાજના વિકાસ માટે કોઈપણ કારણસર કોઈ આયોગની રચના થઈ નથી. પરિણામે પાટીદારોને કોઈ લાભ આપવામાં આવતો નથી. આથી પાટીદારોને અનામતના વર્ગોમાં સમાવેશ કરવા તથા પાટીદાર વિકાસ આયોગનું ગઠન કરવું જરૂરી છે.

આ રેલીમાં એસ.પી.જી. ગૃપના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ પટેલ, ડૉ. પી.સી. પટેલ, મહેસાણા, શ્વેતા પટેલ, ઈડર, એ.કે. પટેલ વિસનગર, જીગર પટેલ બનાસકાંઠા એસ.પી.જી. જિલ્લા પ્રમુખ, ભવલેશ પટેલ પ્રમુખ ઊંઝા એસ.પી. જી. ગૃપ અને અશ્વિન પટેલ કેવલેશ્વર યુવક મંડળના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. આવેદનપત્ર આપતી વેળા વધુ માણસોએ અંદર જવાની કોશીશ કરતાં પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. દરમિયાન જિલ્લાના કડી ખાતે પણ આજે અનામતના પ્રશ્ને પાટીદારોની રેલી યોજાઈ હતી.

## મંત્રીએ ઉઘડો લીધો...

● પાંચમા પાનાનું ચાલુ

મહિલાઓની રજુઆતો છે તો ઘરે કેટલા બીજી મહિલાઓ હશે જેમને અન્યાય થઈ રહ્યો છે. જેથી તાત્કાલિક ધોરણે આ અંગે તપાસ કરી રીપોર્ટ કરવા મામલતદારને મૌખિક જણાવી દીધુ હતુ.

તલોદ મામલતદાર વી.કે. જોષીની આપખુદશાહી કચેરીમાં પણ જોવા મળતી હોવાનો બળાપો પણ કેટલાક લોકો આ સમયે વ્યક્ત કર્યો હતો. દાખલા મેળવવા, પુરવઠા અંગે, જમીન સંભવિત, દસ્તાવેજોની નોંધણી વગેરે અંગે મોટી સંખ્યામાં લોકો મામલતદાર કચેરીએ દૈનિક આવતા હોય છે. પરંતુ યોગ્ય પ્રત્યુત્તર અને ગેરહાજરી લોકોને સતત ધક્કામાં તબદીલ થતી જ રહે છે. વધુમાં રજુઆત સંદર્ભે પણ મામલતદાર પોતાનીથી ઉંમરમાં મોટા લોકોને પણ હડધુત કરી છે જે અંગે અનેક રજુઆતો ઉચ્ચકક્ષાએ થયેલી છે જેથી તાત્કાલિક ધોરણે માનવીય અભિગમના અભાવે આ મામલતદારને દૂર કરવા માંગ ઉઠવા પામી છે.




